# કરાર આધારિત નિમણુંક અંગેની જાહેરાત

**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગુજરાત ગ્રામહાટ ભવન, આઈ.ઓ.સી. પેટ્રોલ પંપની બાજુમાં,**

**અંજલી ચાર રસ્તા, વાસણા, અમદાવાદ**

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદમાં મિશન મંગલમ યોજના અંતર્ગત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત માસિક ફિક્સ પગારથી તાલુકા કક્ષાએ ક્લસ્ટર કો-ઓર્ડીનેટરની ખાલી જગ્યાઓ ભરવા માટે નિમણુંક / પ્રતીક્ષા યાદી તૈયાર કરવાની હોવાથી લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાની અરજી www.arjikaro.com વેબસાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૩૦/૦૫/૨૦૧૫ સુધીમાં ઓનલાઈન કરવાની રહેશે. જાહેરાત સંબંધિત શરતો અને સુચનાઓ વેબસાઇટ પર મુક્વામાં આવેલ છે.

| કરારથી ભરવાની જગ્યાનું નામ | તાલુકાનું નામ | સંખ્યા | શૈક્ષણીક લાયકાત | માસિક ફિક્સ પગાર રૂ. |
|---|---|---|---|---|
| ક્લસ્ટર કો-ઓર્ડીનેટર | વિરમગામ | ૮ | • ધોરણ ૧૨ (૧૦+૨) પાસ ઓછામાં ઓછા ૫૦% માર્ક ધરાવતા ઉમેદવાર<br>• અનુસ્નાતક કે સ્નાતક કક્ષાએ ૪૦% કે તેનાથી વધારે માર્ક ધરાવતા ઉમેદવારોને અગ્રતા ક્રમ આપવાનો રહેશે.<br>• કોમ્પ્યુટરની જાણકારી(CCC) ફરજીયાત હોવી જરૂરી છે.<br>• ક્લસ્ટર કો-ઓર્ડીનેટરનો અનુભવ ધરાવતા ઉમેદવારોને અગ્રીમતા આપવાની રહેશે. | રૂ. ૫૦૦૦/- |
| | ધોળકા | ૪ | | |

સુચના:-

1. **ઉમેદવારની ઉંમર તા.30/૪/૨૦૧૫ ના રોજ ૧૮ વર્ષથી ઓછી નહી અને ૪૦ વર્ષથી વધારે ન હોવી જોઈએ.**

2. અરજદારે **નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદ**ના નામનો રૂ.૧૫૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ (R.P.A.D. થી) ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટ સાથે **જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગુજરાત ગ્રામહાટ ભવન, આઈ.ઓ.સી. પેટ્રોલ પંપની બાજુમાં, અંજલી ચાર રસ્તા, વાસણા, અમદાવાદ ખાતે** મોકલવાનો રહેશે.
3. આ જગ્યાની ઉપર નિમણુંક તારીખથી ઉમેદવારને ૧૧ માસ સુધીના સમય માટેતદ્દન હંગામી ધોરણે કરાર આધારીત માસિક ફિક્સ પગારથી નિમણુંક આપવામાં આવશે.
4. ઇન્ટરવ્યુમાં ઉમેદવારે પાસપોર્ટ સાઈઝ નો તાજેતરનો ફોટોગ્રાફ તથા શૈક્ષણીક લાયકાત અંગેના જરૂરી પ્રમાણપત્ર, જન્મ તારીખ અંગેના અધિકૃત દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.
5. ઓનલાઈન અરજી કરવાની સમય મર્યાદા જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૩૦/૦૫/૨૦૧૫ સુધીમાં ઓનલાઈન કરવાની રહેશે.
6. અરજી સાથે સહી, તાજેતરનો ફોટો, શૈક્ષણીક લાયકાતના પ્રમાણપત્રો સ્કેન કરીને મુક્વાના રહેશે.
7. ઉપરોક્ત જગ્યા માટે પસંદ થનાર ઉમેદવાર ભવિષ્યમાં કાયમી નોકરી માટે હકક દાવો અને ન્યાયીક દાવો કરી શકશે નહી.
8. ઉપરોક્ત જગ્યા માટે નિમણુંક પામનારને સામાન્ય ભવિષ્ય નિધી કે પેન્શનનો કોઈ હકક રહેશે નહી. તેમજ સરકારી અધિકારી/કર્મચારી તરીકેના કોઈ લાભ મળવાપાત્ર થશે નહી.
9. ઉપરોક્ત જગ્યાની નિમણુંક કરાર આધારીત હોવાથી તેને ગુજરાત મુલ્કી સેવા (વર્તણુંક, શિસ્ત અને અપીલ) નિયમો અથવા પંચાયત સેવા (વર્તણુંક, શિસ્ત અને અપીલ) નિયમો લાગુ પડશે નહી.
10. જાહેરાતમાં સંબંધિત જગ્યાઓ માટેની તૈયાર કરવામાં આવેલ પ્રતિક્ષા યાદી પ્રસિદ્ધ થયેથી ૧ વર્ષ અગર તો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમદાવાદ લંબાવે તે મુદ્દત પુરતી જ માન્ય ગણાશે. આ સમય દરમ્યાન એજન્સીને જગ્યાઓની ઉપલબ્ધતા અને જરૂરિયાત પ્રમાણે જે તે પ્રતિક્ષા યાદીના ઉમેદવારની અગ્રતા ક્રમે નિયુક્તિ આપવામાં આવશે. જેથી કચેરી કક્ષાએ આ અંગે કોઈપણ પ્રકારની રૂબરૂ અગર તો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પુછપરછ/પ્રયત્ન/ભલામણ અમાન્ય ગણાશે.
11. ક્લસ્ટર કો-ઓર્ડીનેટર તરીકેની કામગીરીમાંથી ટર્મીનેટ થયેલ ઉમેદવારની પસંદગી કરવાની થશે નહિ.
12. મિશન મંગલમ યોજના અંતર્ગત વ્યાખ્યાયિત ક્લસ્ટરના સ્થાનિક કક્ષાના ઉમેદવારને પ્રાધાન્ય આપી નિયમોનુસાર તટસ્થ રીતે ક્લસ્ટર કો-ઓર્ડીનેટરની પસંદગી કરવાની રહેશે.
13. મહિલા સશક્તિકરણ / સામુદાયિક વિકાસ અંગેની કામગીરી કરેલ હોય તેમને અગ્રતા આપવી.

14. સ્વસહાય જુથમાં જોડાયેલ બહેનો કે જરૂરી લાયકાત ધરાવતી હોય તેઓને અગ્રતા આપવાની રહેશે.
15. ક્લસ્ટર કો-ઓર્ડીનેટરની જગ્યા માટે બહેનોને અગ્રતા આપવાની રહેશે.
16. ક્લસ્ટર કો-ઓર્ડીનેટરને કરાર આધારિત નિયત૧૧ માસના કરાર માટે નિમણુંક આદેશ કરવાના રહેશે. ઇન્ડકશન તાલીમમાં યોગ્ય ન જણાય તેઓને કરાર આધારિત નિમણુંકમાંથી રદ કરવાના રહેશે. ક્લસ્ટર કો-ઓર્ડીનેટરની કામગીરીની સમીક્ષા પરફોર્મન્સ એપ્રાઈઝલ પુનઃ ૧૧ માસ માટેનો સમય પૂરો થતા કરવાનું રહેશે.
17. આખરી નિર્ણય પસંદગી સમિતિનો જ રહેશે.